# જેટ એરવેઝ મુશ્કેલીમાં: પરિણામ જાહેરાતની મોકૂફી અંગે સેબી તપાસ કરશે

નવી દિલ્હીઃ ઓડિય કમિટીની મનાઇને કારણે જૂન ક્વાર્ટરના પરિણામ મુલતવી રાખનાર જેટ એરવેઝના હિસાબી મામલા અંગે શેરબજારોએ સ્પષ્ટતા માગી છે, જ્યારે માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ તપાસ શરૂ કરી હોવાનું સાધનો જણાવે છે.

નાણાકીય મુશ્કેલીમાં સલવાયેલી જેટ એરવેઝના ડિરેક્ટર્સ બોર્ડે નવમી ઓગસ્ટે જૂન ક્વાર્ટરના અનઓડિટેડ પરિણામો પર વિચારણાં કરવાનું મોકૂફ રાખ્યું હોવાથી તેના શેરના ભાવમાં પણ કડાકો બોલાયો હતો.

સાધનોએ આપેલી માહિતી બજારની નિયામક સેબીએ કંપની દ્વારા ત્રિમાસિક પરિણામની જાહેરાત શા માટે મોકૂફ રાખવામાં આવી તેની તપાસ શરૂ કરી છે.

સેબી એ જાણવા પ્રયાસ કરી રહ્યું છે કે કંપનીએ ક્યાંક ડિસ્કલોઝર અથવા તો કોર્પોરેટ ગવર્નન્સના નિયમનોનો ભંગ તો નથી કર્યો! સ્ટોક એક્સચેન્જીસને લાગે છે કે કંપનીએ ત્રિમાસિક પરિણામ વિલંબિત કરવા માટે જે ડિસ્કલોઝર્સ આપ્યાં છે, તેમાં કેટલીક 'ચોક્કસ માહિતી'નો અભાવ છે. સ્ટોક એક્સચેન્જના લિસ્ટિંગના નિયમનો અનુસાર ડિસ્કલોઝરને લગતા રેગ્યુલેશન ૩૦નું પાલન થવું આવશ્યક છે. શેરબજારોએ અગાઉ જ કંપની પાસેથી પરિણામની મોકૂફી અંગે સ્પષ્ટતા કરવા નિર્દેશ આપ્યો છે. ■

# વધતા વ્યાજદર સાથે ટૂંકા ગાળાના ડેટ્ ફંડ લાઇમલાઇટમાં

નવી દિલ્હીઃ રિઝર્વ બૅન્કે રેપો રેટ ૦.૨૫ ટકા વધારીને ૬.૫ ટકા કર્યો હોવાથી ટૂંકા ગાળાના યીલ્ડ કર્વમાં સુધારો જોવાયો હતો. આની સાથે ટૂંકા ગાળાના ડેટ્ મ્યુચ્યુઅલ ફંડ પણ લાઇમલાઇટમાં આવ્યા છે. વધતા વ્યાજદરને કારણે યીલ્ડ વધતાં ટૂંકા ગાળા માટે ફંડમાં રોકાણ કરતાં વર્ગ સક્રિય બન્યા છે. છેલ્લા એક વર્ષ દરમિયાન માઇક્રો વાતાવરણમાં નોંધપાત્ર બદલાવ જોવા મળ્યા છે. આમાં ક્રૂડના ભાવ વધવા, કરંટ એકાઉન્ટ ખાધ વણસવી, ડોલરની સામે રૂપિયો નબળો પડવો અને રિટેલ ફુગાવામાં વધારો થવો. આ બધા કારણોને લીધે ટૂંકા ગાળાના ૧૦ વર્ષના બેન્ચમાર્ક યીલ્ડ વધીને ૭.૭૯ ટકાના સ્તરે પહોંચ્યા છે જે એક વર્ષ અગાઉ ૬.૫ ટકાના સ્તરે હતા. વધુમાં આગામી મહિનાઓમાં વર્તમાન સિનેરિયોને જોતાં વ્યાજદર ઊંચા સ્તરે જળવાઈ રહે તેવી સંભાવના છે. વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવમાં મજબૂતાઈ જળવાયેલી છે, ટ્રેડ વોરની સ્થિતિ વધુ વણસવાની દહેશત વ્યકત કરાય છે અને સેન્ટ્રલ બેન્કો દ્વારા રાહતના પગલાંઓ પાછા ખેંચવાની તૈયારી શરૂ થઈ ગઈ છે.

આથી માઇક્રો સ્થિતિને ધ્યાનમાં લેતા રિઝર્વ બેન્ક વ્યાજદર અંગે કડક વલણ અપનાવે તેવી સંભાવના વચ્ચે ડેટ્ સાધનોમાં રોકાણ કરનારાઓ માટે ટૂંકા ગાળા માટે લાભ મેળવવાની તક સર્જાશે. ફંડો દ્વારા અત્યંત ટૂંકા ગાળા માટે રોકાણ કરનારા વર્ગ માટે ડેટ્ સાધનોમાં શોર્ટ ટર્મ ડેટ્ ફંડ, અલ્ટ્રા-શોર્ટ ફંડ અને લિક્વિડ ફંડનો વિકલ્પ ઓફર કરવામાં આવે છે. આ કટેગેરીમાં દાખલા તરીકે આઇસીઆઇસીઆઈ પ્રૂડન્સિયલ દ્વારા અલ્ટ્રા શોર્ટ ટર્મ ફંડ ગણી શકાય જે ઓપન એન્ડેડ ફંડ છે અને ત્રણ મહિનાથી છ મહિના જેવા ટૂંકા ગાળા માટે રોકાણનો વિકલ્પ આપે છે. આવા ફંડ ડેટ્ અને મની માર્કેટ સાધનોમાં રોકાણ કરે છે. ક્રેડિટ રિસ્ક મેનેજમેન્ટને દ્રષ્ટિએ ધ્યાનમાં લઇએ તો ઇન્વેસ્ટમેન્ટ ગ્રેડના ફંડોમાં અને સ્પોટ મિસપ્રાઇસ ક્રેડિટ તક આપતા સાધનોમાં રોકાણ કરાય છે. આવા ફંડોમાં વધતા યીલ્ડ સાથે જોખમને મર્યાદીત કરીને રોકાણ કરવાનો વિકલ્પ હોય છે. વધુમાં કોર્પોરેટ બોન્ડમાં એક્રુઅલ આવકને ધ્યાનમાં લઇને પાકતી મુદ્દત સાથે રોકાણ જાળવી પણ રખાય છે. આવા ફંડોમાં વાર્ષિક ૬.૩૫ ટકાનું વળતર જોવા મળ્યું છે જે બેન્ચમાર્ક ઇન્ડેક્સના ૨.૫૯ ટકા કરતાં ગણું ઊંચુ છે. આ ફંડમાં રેપો રેટની સરખામણીએ યીલ્ડ-ટુ-મેચ્યુરિટી ૮.૫૮ ટકાની રહેતાં ૨૩૩ બેસિઝ પોઇન્ટ વધુ છે. વધુમાં તેને છેલ્લા એક વર્ષમાં સુધારવામાં પણ આવ્યું છે. સ્થાનિક અને વૈશ્વિક કારણોને જોતાં ડેટ્ માર્કેટમાં ચંચળતાનો માહોલ જોવાવાની સંભાવના છે. આને જોતાં શોર્ટ ટર્મ કે અલ્ટ્રા શોર્ટ ટર્મ ફંડ રોકાણકારોને ટૂંકા ગાળા માટે કમાવાની તક સર્જે છે. આવા ફંડો બોન્ડ, કોર્પોરેટ બોન્ડ, સરકારી સિક્યુરિટીઝમાં ટૂંકાથી મધ્યમ અને ૩ વર્ષ સુધીના ગાળા સુધી રોકાણ કરે છે. લિક્વિડ અને મની માર્કેટ ફંડો ૯૧ દિવસથી લઇને એક વર્ષ સુધીના પેપર ધરાવતા ડેટ્ સાધનોમાં રોકાણ કરે છે. વ્યાજદરમાં થનારા ફેરફારની આવા ફંડો પર ઓછી અસર રહે છે જે લાંબા ગાળાની મુદ્દત ધરાવતા ફંડો પર વધુ હોય છે. ■

## શેરબજાર
# સેન્સેક્સ ૩૮,૦૦૦ની નીચે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારના નરમાઇના સંકેત સાથે સ્થાનિકમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ નોંધાવેલી જંગી ખોટ અને જેટ એરવેઝે પરિણામો મોકૂફ રાખ્યા હોવાથી તેના શેરમાં આવેલા જોરદાર કડાકા ઉપરાંત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા હેવીવેઇટ શેરોમાં વેચવાલીનો મારો શરૂ થઇ જતાં સેન્સેક્સે ૩૮,૦૦૦ પોઇન્ટની સપાટી ગુમાવી હતી. એસબીઆઇમાં ચારેક ટકાનો જ્યારે જેટ એરવેઝમાં આઠેક ટકાનો કડાકો નોંધાયો હતો.

એસબીઆઇના કંગાળ પરિણામને કારણે પીએસયુ બેન્કોમાં વેચવાલીથી સેન્ટિમેન્ટ ડહોળાઇ જતાં માર્કેટમાં એકંદર વેચવાલી વધી હતી. પીએસયુ બેન્ક ઇન્ડેક્સ સૌથી વધુ ૩.૨૬ ટકા તૂટ્યો હતો. મેટલ ઇન્ડેક્સ ૧.૯૭ ટકા, ફાર્મા ૧.૪૦ ટકા, ઇન્ફ્રા અને એનર્જી પણ ઘટ્યા હતાં.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, શુક્રવારે ભારતીય શેરબજારમાં ટોચના સ્તરોથી પ્રોફિટ બુકિંગ આવવાથી ઘટાડો આવ્યો હતો. સેન્સેક્સ ૧૫૫.૧૪ પોઇન્ટ ઘટીને ૩૭,૮૬૯.૨૩ પર બંધ રહ્યો છે. ગઇકાલે સેન્સેક્સ ૩૮,૦૨૪.૩૭ પર ઓલટાઇમ હાઇ બંધ રહ્યો હતો. નિફ્ટી પણ ૪૧.૨ પોઇન્ટ ઘટીને ૧૧,૪૨૯.૫૦ પર બંધ રહ્યો હતો.

એસબીઆઇએ પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૪,૮૭૬ કરોડની ભારે ખોટ નોંધાવતા શેર ૪.૫ ટકા તૂટીને રૂ. ૩૦૧.૧૦ના તળિયે અડ્યો હતો. તેના કારણે પીએસયુ શેરોમાં ભારે વેચવાલી આવી હતી. સત્ર દરમિયાન પીએસયુ બેન્કો, મેટલ, ફાર્મા, ઇન્ફ્રા, એનર્જીમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

માર્કેટમાં મોટા ભાગના સેક્ટર્સમાં પ્રોફિટ બુકિંગના કારણે ઘટાડો આવ્યો હતો. એસબીઆઇને ખોટ થવાથી સરકારી બેન્ક શેરોમાં વેચવાલી વધી હતી અને તેના પગલે એનએસઇમાં પીએસયુ બેન્ક ઇન્ડેક્સ સૌથી વધુ ૩.૨૬ ટકા તૂટ્યો હતો.

આ ઉપરાંત મેટલ ઇન્ડેક્સ ૧.૯૭ ટકા, ફાર્મા ૧.૪૦ ટકા, ઇન્ફ્રા અને એનર્જી ૦.૮૮ ટકા અને બેન્ક નિફ્ટી ૦.૫૯ ટકા ઘટ્યા હતા. જ્યારે ઓટો, એફએમસીજી અનેને આઇટી ૦.૩૧ ટકાથી ૦.૪૭ ટકા વધ્યા હતા.

ત્રિમાસિક પરિણામ ટાળતા શેરમાં વેચવાલી આવાવથી જેટ એરવેઝનો શેર ત્રણ વર્ષના તળિયે પહોંચ્યો હતો. એરલાઇન્સ કંપની જેટ એરવેઝના શેરમાં ભારે વેચવાલી આવતા શેર ૧૩.૨૯ ટકા તૂટીને રૂ. ૨૬૧.૬૦ના તળિયે અડ્યો હતો, જે ત્રણ વર્ષનું નીચું સ્તર છે. જેટ એરવેઝે તેના પ્રથમ ક્વાર્ટરનું પરિણામ જાહેર કરવાનું ટાળતા શેરમાં વેચવાલી આવી હતી. ઓડિટ કમિટીએ પરિણામને મંજૂર કરવાનો ઇન્કાર કર્યો હતો.

અગ્રણી શેરોમાં એસબીઆઇ, રિલાયન્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક, એલએન્ડટી ગબડ્યા હતાં, જ્યારે ટીસીએસ, આઇટીસીના શેરમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સમાં ૧૯ શેરો ઘટીને બંધ રહ્યા હતા. તેમાં એસબીઆઇ સૌથી વધુ ૩.૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. ઉપરાંત રિલાયન્સ પણ ૧.૧૫ ટકા ઘટવાથી બજાર પર ઘટાડાનું દબાણ વધ્યું હતું.

લાર્જ કેપ શેરોની સરખામણીએ સ્મોલકેપ શેરોમાં વધુ તીવ્ર વેચવાલી અને ધોવાણ જોવા મળ્યું હતું, જ્યારે મિડકેપ શેરોમાં સરખામણીએ ઓછી વેચવાલી અને પીછેહઠ રહી હતી. મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઘટાડો હતો, જ્યારે સ્મોલ કેપ શેરોનો ઇન્ડેક્સ ૦.૭૮ ટકા તૂટ્યો હતો. માર્કેટ બ્રેથ નબળી પડી ગઇ હતી. એક્સચેન્જ પર ટ્રેડેડ કુલ શેરોમાંથી ૧૦૫૧ શેરોના ભાવમાં સુધારો અને આગેકૂચ જોવા મળી હતી જ્યારે ૧૬૭૭ શેરોના ભાવમાં પીછેહઠ નોંધાઇ હતી અને ૧૩૨ શેર મૂળ સપાટીએ પાછાં ફર્યાં હતા.

યુરોપ, યુકે, નોર્થ અમેરિકા અને ચીનના રિટેલ ડેટા નિરાશાજનક આવ્યાં છે. આ ઉપરાંત કોર્પોરેટ અર્નિંગ્સ પણ નબળા આવ્યાં હોવાથી એશિયા અને યુરોપના બજારોમાંથી નરમાઇના સંકેત મળ્યાં હતા. ટેક્નિકલ એનાલિસ્ટે અગાઉ જ નિફ્ટી માટે કોન્સોલિડેશનની આગાહી કરી છે. ■

# સ્ટેટ બેન્કની ચોખ્ખી ખોટ ₹ ૪,૮૭૬ કરોડ

નવી દિલ્હીઃ દેશની અને જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ શુક્રવારે ઊંચી બેડ લોનને પગલે જૂન ક્વાર્ટરમાં રૂ. ૪,૮૭૬ કરોડની ખોટ નોંધાવી હતી. આ સમાચારને પગલે તેના શેરમાં પણ પાંચ ટકા જેવો કડાકો બોલાયો હતો.

અગાઉના વર્ષના એપ્રિલથી જૂન સુધીના સમયગાળામાં કંપનીએ રૂ. ૨,૦૦૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેન્કની કુલ આવક જોકે, ઉપરોક્ત સમયગાળામાં રૂ. ૬૨,૯૧૧.૦૮ કરોડ સામે વધીને રૂ. ૬૫,૪૯૨.૬૭ કરોડના સ્તરે પહોંચી હતી. કુલ જોગવાઇ રૂ. ૮૯૨૯.૪૮ કરોડ સામે બમણાથી વધુ વૃદ્ધિ સાથે રૂ. ૧૯,૨૨૮ કરોડ સુધી પહોંચી હતી. જૂન ક્વાર્ટરમાં બેન્કની ગ્રોસ નોન પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) વધી ૧૦.૬૯ ટકા થઈ હતી જે, એક વર્ષ અગાઉ ૯.૯૭ ટકા હતી. જોકે, સૂચિતગાળામાં બેન્કની નેટ એનપીએ ૫.૯૭ ટકાથી ઘટી ૫.૨૯ ટકા થઈ હતી. જૂન ક્વાર્ટરમાં રૂ. ૪,૮૭૬ કરોડની ખોટ નોંધાવતા શેરબજારમાં આજે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના શેર્સ પાંચ ટકા સુધી ૦ગબડ્યો હતો. કંપનીએ આજે ત્રિમાસિક પરિણામોની જાહેરાત કરી કે તરત જ જોરદાર વેચવાલી શરૂ થવાથી બીએસઇ પર કંપનીનો શેર ૪.૮૫ ટકાના કડાકા સાથે રૂ. ૩૦૧.૧૦ના સ્તરે પહોંચી ગયો હતો. અંતે બીએસઇ પર આ શેર શેરદીઠ રૂ. ૧૨.૦૦ અથવા તો ૩.૭૯ ટકાના કડાકા સાથે ૩૦૪.૪૫ની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે એનએસઇ પર ૫.૩૨ ટકાના કડાકા સાથે રૂ. ૩૦૦.૫૦ની સપાટીએ રહ્યા હતાં. ■

# ડૉલર ૧૩ મહિનાની ઊંચી સપાટીએઃ રૂપિયો ૧૫ પૈસા ગગડ્યો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૩ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં પણ ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં આજે રૂપિયો વધુ ૧૫ પૈસા નબળો પડ્યો હતો. વધુમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે નરમાઈતરફી વલણ રહેતાં ગગડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૬૮.૬૮ના બંધ સામે નરમાઈના ટોને ૬૮.૮૨ની સપાટીએ ખૂલ્યો હતો. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં ડૉલર સામે તુર્કીના ચલણ લિરામાં ૧૪ ટકાનું ગાબડું પડ્યું હોવાના અહેવાલ ઉપરાંત ડૉલર સામે રશિયાનો રૂબલ બે વર્ષના તળિયે અને બ્રિટનનો પાઉન્ડ એક વર્ષની નીચી સપાટી સુધી તૂટ્યાના અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો એક તબક્કે આગલા બંધથી ૩૫ પૈસા તૂટીને ૬૯.૦૩ની સપાટીએ પહોંચ્યો હતો. જોકે, ત્યાર બાદ નિકાસકારોની ઘટ્યા મથાળેથી છૂટીછવાઈ વેચવાલી નીકળતાં સત્ર દરમિયાન ઉપરમાં રૂપિયો ૬૮.૭૬ સુધી ક્વૉટ થયા બાદ સત્રના અંતે આગલા બંધથી ૧૫ પૈસાના ઘટાડા સાથે ૬૮.૮૩ની સપાટીએ બંધ રહ્યો હતો. ■

## કોમોડિટી
# ખાંડમાં નિરસ માગે ₹ ૫૩નો કડાકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ સામે દેશાવરોની અપેક્ષિત માગનો અભાવ તેમ જ મહારાષ્ટ્રની સ્થાનિક માગ જળવાઈ રહેતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ટેન્ડરના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશ સાથે સ્થાનિકમાં પણ હાજરમાં મર્યાદિત માગે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૩નો ઘટાડો આવ્યો હતો. સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૧૭૦થી ૩૩૧૨માં ટકેલા ધોરણે થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૩ ઘટીને રૂ. ૩૨૫૨થી ૩૪૫૨ આસપાસના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૧૪૦થી ૩૨૨૦માં અને રૂ. ૩૨૦૦થી ૩૨૨૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડર ક્વિન્ટલે રૂ. ૩૦૩૦થી ૩૧૦૦માં અને મિડિયમ ગ્રેડના ટેન્ડર ક્વિન્ટલે રૂ. ૩૧૧૫થી ૩૨૫૦ આસપાસ જવાની ધારણા રહી છે. ■

## બુલિયન વૉચ
### ડૉલર સામે તુર્કી લિરામાં ૧૪ ટકાનું ગાબડું પડતાં વૈશ્વિક સોનાના સુધારાને બ્રેક
# સ્થાનિક ચાંદીમાં ₹ ૧૩૫નો ઘટાડો, સોનામાં ટકેલું વલણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે લગભગ તમામ ચલણો સામે ડૉલરમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સોનામાં સલામતી માટેની માગ ઘટતાં ભાવમાં સુધારાને બ્રેક લાગી હતી અને સતત પાંચમાં સપ્તાહે સાપ્તાહિક ધોરણે ભાવમાં ઘટાડો જોવા મળે તેવી ધારણા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા હતા.

વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિકમાં પણ સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની વેચવાલી હતી, પરંતુ આજે ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા નબળો પડતાં સોનાની આયાત પડતરમાં વધારો થવાથી સોનાના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૫ ઘટી આવ્યા હતા. જોકે, આજે બન્ને કિંમતી ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી સીમિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે ડૉલર સામે તુર્કીના ચલણ લિરામાં ૧૪ ટકાનું ગાબડું પડ્યું હતુ. આ ઉપરાંત રશિયાનો રૂબલ બે વર્ષના તળિયે અને બ્રિટનનો પાઉન્ડ એક વર્ષની નીચી સપાટી ગગડી જતાં ડૉલરમાં સાર્વત્રિક સ્તરેથી સલામતી માટેની માગ નીકળતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હતું.

આમ ડૉલર મજબૂત થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધથી ૦.૨ ટકા ઘટીને ૧૨૧૦.૧૫ ડૉલરની સપાટી આસપાસ અને સોનાના વાયદાના ભાવ પણ ૦.૨ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૧૨૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધથી ૦.૩ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૧૫.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

વૈશ્વિક બજારમાં આજે ચાંદીના ભાવમાં ૦.૩ ટકાનો ઘટાડો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક સોનાચાંદી બજારમાં પણ .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩૫ના ઘટાડા સાથે રૂ. ૩૭,૮૨૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહ્યું હતું, પરંતુ આજે ડૉલર સામે રૂપિયો ૩૫ પૈસા સુધી ગગડી ગયા બાદ સત્રના અંતે ૧૫ પૈસાના ઘટાડા સાથે બંધ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થતાં સ્થાનિકમાં ૯૯.૫ ટચ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ અનુક્રમે રૂ. ૨૯,૪૯૦ અને રૂ. ૨૯,૬૪૦ની સપાટીએ ટકેલાં રહ્યાં હતા. જોકે, આજે સોનામાં જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**વિવિધ સ્ટેશનો ખાતે EMR પુરા પાડવા**

નીચે અપાયેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર મંગાવે છે ડિવિ. રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠા માળે, એન્જી. ડીપા., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ટે. નો. નં.: BCT/૧૮-૧૯/૨૭૪ તા. ૮/૮/૧૮. કાર્ય અને સ્થળ: મુંબઈ ડિવિઝનઃ વિવિધ સ્ટેશનો (૨૭ સ્ટેશનો) ખાતે EMR પુરા પાડવા. કાર્યની અંદા. કિંમતઃ ₹ ૧,૬૨,૭૪,૧૪૭.૨૨. બારડીઃ ₹ ૨,૩૧,૩૮૦/-. ટેન્ડરની સુપ્રતિ અને ખુલવાનો સમય અને તા.: ૪/૯/૧૮ના ૧૫.૦૦ ક. સુધી અને તે જ દિવસે ૧૫.૩૦ ક. ખુલશે. સંબંધીત વિગતવાર કામનો પ્રકાર, સમાવિષ્ટ ટેન્ડર દસ્તાવેજની કિંમત (પરત ન મળવાપાત્ર બારડી, લાયકાતની શરતો, સમાન પ્રકારનું કાર્ય, વિગતવાર ટેન્ડર શરતો માટે કૃપયા મુલાકાત લો www.ireps.gov.in મેન્યુઅલ ઓફર્સની વિચારણા થશે નહીં.

અમને લાઇક કરો: facebook.com/WesternRly 16

**પશ્ચિમ રેલવે**

**RPF બેરેક્સમાં કૂક્સ અને કૂક હેલ્પર્સનું આઉટસોર્સિંગ**

ટેન્ડર નં.: BFG/૩૪/૦/આઉટસોર્સિંગ/૨૦૧૮ તા. ૯/૮/૧૮. વિભાગઃ સીક્યુરિટી. એક્ઝીક્યુટીવઃ Sr. DSC/BCT. કાર્ય અને સ્થળઃ બે વર્ષની મુદત માટે મુંબઈ ડિવિઝન પર Res. લાઈન/MX, Res. Line/GTR, PDGR, MM, BA(L), BDTS, ADH, ખાર (E), BYR(T), BL અને ST ખાતે RPF બેરેક્સમાં ૧૭ કૂકસ અને ૩૩ કૂક હેલ્પર્સનું આઉટસોર્સિંગ. કાર્યની અંદા. કિંમતઃ ₹ ૨,૫૮,૯૭,૧૭૫/- (+જીએસટી લાગૂ પડતો). વિશેષ કાર્યાલય જ્યાંથી ઈ-ટેન્ડર ખુલશેઃ સીનિયર ડિવિઝનલ સીક્યુરિટી કમિશ્નર/આરપીએફ, પશ્ચિમ રેલવે, મુંબઈ સેંટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. બારડીઃ ₹ ૨,૭૯,૪૯૦/-. ઈ-ટેન્ડરનો પ્રકારઃ મુક્ત ઈ-ટેન્ડર. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવા માટે સમય અને તા. ૧૪/૯/૧૮ના ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરને ખુલવા માટે સમય અને તા. ૧૪/૯/૧૮ના ૧૫.૩૦ ક. વેબસાઈટ www.ireps.gov.in ખાતેથી ટેન્ડરનું નિરિક્ષણ કરી શકાશે.

અમને ફોલો કરો: twitter.com/WesternRly 16

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

ઘન કચરા વ્યવસ્થાપન પ્રકલ્પ વિભાગ

Ch.E./૨૯૭/SWM/પ્રકલ્પ તા. ૧૦-૮-૧૮

ઈ-ટેન્ડર નોટિસ

બિડ ક્ર. ૭૧૦૦૧૨૬૮૩૧

વિષયઃ- ''મુંબઈમાં કચરા વ્યવસ્થાપન પ્રકલ્પ તોડકામ અને બાંધકામ (સી એન્ડ ડી) માટે એડવાઈઝરી સેવા પુરી પાડવા માટે સલાહકારની નિમણુંક'' માટે ઈ-ટેન્ડર.

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (એમસીજીએમ) ''મુંબઈમાં કચરા વ્યવસ્થાપન પ્રકલ્પ તોડકામ અને બાંધકામ (સી એન્ડ ડી) માટે એડવાઈઝરી સેવા પુરી પાડવા માટે સલાહકારની નિમણુંક'' માટે ઓનલાઈન ઈ-ટેન્ડર્સ મંગાવે છે. ઈ-ટેન્ડર દસ્તાવેજ ''ટેન્ડર્સ એન્ડ ક્વોટેશન્સ'' ટેબ હેઠળ એમસીજીએમની વેબસાઈટ www.mcgm.gov.inમાંથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરની કી તારીખો નીચે મુજબ છે:-

| | |
|---|---|
| બિડ પ્રારંભ તારીખ | ૧૧.૮.૧૮ સ. ૧૧.૦૦ ક. |
| બિડ સમાપ્તિ તારીખ | ૨૦.૮.૧૮ સાં. ૪.૦૦ ક. |
| પાકીટ એ અને બી ખુલશે | ૨૩.૮.૧૮ સાં. ૪.૦૦ ક. પછી |

ભવિષ્યના જે કોઈપણ વધારા/સુધારા માત્ર એમસીજીએમની વેબસાઈટ પર પ્રકાશિત થશે.

સહી/-
Ch.E.(SWM-પ્રોજેક્ટ)

PRO/812/ADV./18-19

ચાલો મુંબઈને મલેરિયામુક્ત બનાવીએ.

# વિશ્વ બજારમાં ભારતીય ચોખાના ભાવ સ્થિર

બેંગાલુરુઃ ગત સપ્તાહ દરમિયાન ચોખામાં માગ નબળી રહી હોવા છતાં આ વર્ષે ઓછો અને છુટોછવાયો વરસાદ થવાને કારણે ઉત્પાદનમાં ઘટાડો થવાન શક્યતાને ધ્યાનમાં લેતાં સ્થાનિક તેમ જ નિકાસભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ગત સપ્તાહે પાંચ ટકા ટુકડી પાર બોઈલ્ડ ચોખાના ભાવ આગલા સપ્તાહની ટનદીઠ ૩૯૨થી ૩૯૬ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલથી જૂન દરમિયાન ભારતીય ચોખામાં ખાસ કરીને આફ્રિકન દેશોની માગ પ્રબળ રહેતાં નિકાસ ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૪.૪ ટકા વધીને ૩૧.૫ લાખ ટનની સપાટીએ રહી હતી. આ વર્ષે વરસાદની અનિયમિતતા અને ચોખાના ઉત્પાદક વિસ્તારોમાં ઓછો વરસાદ થવાથી ડાંગરના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે અને જો એકાદ સપ્તાહમાં વરસાદ નહીં થાય તો કુલ વાવેતર પર વિપરીત અસર પડે તેવી શક્યતા આંધ્ર પ્રદેશના કાકિનાડા સ્થિત એક નિકાસકારે વ્યક્ત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત ૩ ઑગસ્ટ સુધીમાં ખરીફ ડાંગરનું વાવેતર ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૪.૨ ટકા ઘટીને ૨.૬૨૭ કરોડ હેક્ટરમાં થયું છે. વધુમાં ગત સપ્તાહે એક ખાનગી વેધશાળાએ આ વર્ષે દેશમાં નૈર્ઋત્યનું ચોમાસું સાધારણ કરતાં ઓછું રહેવાની આગાહી કરી હોવાથી ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ભારતથી વિપરીત વિયેટનામ અને થાઈલેન્ડમાં ચોખાના ઉત્પાદક વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે લણણી અને ભાવ પર વિપરીત અસર પડી હોવાના અહેવાલ છે. થાઈલેન્ડના ૩૦ પ્રાંતમાં છેલ્લા ત્રણ સપ્તાહથી પૂરની સ્થિતિ છે અને ચોખાના ઉત્પાદક નવ પ્રાંતમાં આંશિક પૂરની સ્થતિ છે. ■

# ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી અને નિરસ માગે ભાવઘટાડો

મુંબઈઃ વૈશ્વિક ધાતુ બજારમાં આજે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની તમામ વેરાઈટીઓ ઉપરાંત ટીન, નિકલ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ અને એલ્યુમિનિયમની વેરાઈટીઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યુ હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિક ધાતુ બજારમાં સતત બે સત્ર સુધી સુધારો આવ્યા બાદ આજે વધ્યા મથાળેથી કોપરની વેરાઈટીઓ ઉપરાંત અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો આવ્યો હતો. આજે ટીન, નિકલ, ઝિન્ક સ્લેબ, કોપર વાયરબાર અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૪૦૫, રૂ. ૧૦૦૦, રૂ. ૨૧૯, રૂ. ૪૮૪ અને રૂ. ૪૫૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૪ ઘટીને રૂ. ૪૫૧, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૨ ઘટીને રૂ. ૧૬૩ અને કોપર આર્મિચર, કોપર શીટ કટિંગ્સ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧ ઘટીને અનુક્રમે રૂ. ૪૪૯, રૂ. ૪૪૫ અને રૂ. ૪૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ.૩૫૨, રૂ. ૩૪૧, રૂ. ૧૨૫ અને રૂ. ૧૬૦ના મથાળે ટકેલાં રહ્યાં હતાં. ■

## કોમોડિટી
# દેશી તેલમાં ચમકારો

મુંબઈઃ ગુજરાતના મથકો પર આજે સિંગતેલ અને વૉશ્ડ કૉટનમાં સુધારો આગળ ધપ્યાના અહેવાલ સાથે સ્થાનિકમાં પણ સિંગતેલ અને કપાસિયા તેલમાં સુધારો આગળ વધ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ત્રણ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ અને શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ત્રણ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે ડાયરેક્ટ ડિલિવરી ધોરણે અંદાજે ૧૦૦૦થી ૧૧૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર ગોઠવાતા સ્થાનિકમાં આયાતી તેલના ભાવમાં ખાસ કરીને આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨નો અને ક્રૂડ પામતેલના ભાવમાં રૂ. ૧નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ગુજરાતના ખાદ્યતેલના મથકો પર સ્ટોકિસ્ટો ઉપરાંત દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦થી ૩૦ વધીને રૂ. ૧૫૦૦થી ૧૫૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૯૫૦ના મથાળે અને વૉશ્ડ કૉટનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૭થી ૧૨ વધીને રૂ. ૭૯૦થી ૭૯૫ આસપાસની સપાટીએ રહેતાં સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૯૬૦થી ૯૬૫ અને વૉશ્ડ કૉટનના ભાવ રૂ. ૭ વધીને રૂ. ૮૨૦ના મથાળે રહ્યા હતા. ■

SALE
UPTO 50% OFF
EXCLUSIVE WIDE RANGE
of Suitings, Shirting & fabrics of leading mills, including Linen & Cotton.
Mohammed Haji Adam & Co.
113 Years of Trust
Authorised Dealer of Raymond and Reid & Taylor
84, Sheriff Devji Street, (Chakla Street), Near Crawford Market, Mumbai - 3.
Tel.: 2342 3166 / 2343 7962.
We have no branches • Open on Sundays & Holidays (Except 22nd Aug. '18)
• Specialized tailoring facility available • Master & Visa credit cards accepted
S. ARTS